# UCCC&SPBCBA&SDHGCBCA&IT, UDHNA

## FYBCOM SEM -II

## Accounting for Specific Businesses

## Unit- 4 ભાડે ખરીદ પધ્ધતિ ના હિસાબો(25%)

**પ્રાસ્તાવિક** :

વિશાળ પાયા પર ઉત્પાદન અને વેચાણક્ષેત્રે ગળાકાપ હરીફાઈના આ યુગમાં વેચાણ વધારાના એક ઉપાય તરીકે હપતેથી વેચાણની પદ્ધતિ વધુ પ્રચલિત થતી જાય છે. તો બીજી બાજુ જીવનધોરણ ઊંચું લાવવાની તીવ્ર ઉત્કંઠા ગ્રાહકોને મોજશોખની વસ્તુઓ ખરીદવા આકર્ષિત કરે છે. આધુનિક યુગમાં માનવીની જરૂરિયાતની વસ્તુઓ વધવા પામી છે. LED TV, વોશિંગ મશીન, રેફ્રિજરેટર, મોટરસાઇકલ, મોટરકાર વગેરે જેવી ચીજવસ્તુઓ ખરીદવા માટે સામાન્ય આવકવાળા માનવી પાસે જરૂરી રોકડ હોતી નથી. તેથી આવી ચીજવસ્તુઓ તે રોકડેથી ખરીદી શકતા નથી અને આવી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરનાર કે વેચનાર મોટા પ્રમાણમાં તેમનું વેચાણ કરી શકતા નથી. તેથી હપતા કે ભાડે ખરીદપદ્ધતિ અસ્તિત્વમાં આવી છે, જે અનુસાર ચીજવસ્તુની કિંમત વેચાણ વખતે એકસામટી નહિ ચૂકવતાં હપતાથી ચુકવવામાં આવે છે. ચીજવસ્તુની કિંમત માસિક, ત્રિમાસિક, છમાસિક કે વાર્ષિક હપતાઓથી ચૂકવવામાં આવે છે.

**ભાડે ખરીદ પદ્ધતિનો અર્થ :**

હપતા પદ્ધતિ અનુસાર વેચાણ કરવામાં આવે ત્યારે વસ્તુનું માલિકીપણું સામાન્ય વેચાણની જેમ ખરીદનારને મળે છે ફક્ત નાણા હપતાથી ચૂવવામાં આવે છે. હપતા પદ્ધતિ અનુસાર જેવો કરાર કરવામાં આવે અને કરાર વખતે મુકરર રકમ ચૂકવવામાં આવે કે તરત જ વસ્તુની માલિકી ખરીદનારને મળે છે.

ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર જો ચીજવસ્તુનું વેચાણ કરવામાં આવ્યું હોય તો હપતાને ભાડા (Hire) તરીકે ગણવામાં આવે છે અને જ્યારે પૂરેપૂરી રકમ ભરાઈ જાય ત્યારે વ્યવહાર ખરીદીમાં પરિણમે છે. ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર કરાર વખતે ચીજવસ્તુનો ફક્ત કબજો (Possession) ખરીદનારને મળે છે, માલિકી નહિ. પરંતુ જ્યારે હપતાની પૂરેપૂરી રકમ ભરપાઈ થાય ત્યારે જ માલિકી ખરીદનારને મળે છે. તેથી જો ખરીદનાર પૂરેપૂરી હપતાની રકમ ભરવામાં નિષ્ફળ નીવડે તો વેંચનાર તે ચીજવસ્તુ પાછી લઈ જઈ શકે છે.

**હપતા પદ્ધતિ અને ભાડે ખરીદ પદ્ધતિ વચ્ચેનો તફાવત:**

(૧) માલિકીપણું : હપતા પદ્ધતિ અનુસાર કરાર થતાં ખરીદનારને ચીજવસ્તુનો કબજો તથા માલિકી બંને મળે છે, જ્યારે ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર ખરીદનારને ચીજવસ્તુનો કબજો મળે છે, પરંતુ જ્યાં સુધી પૂરેપૂરા હપતાની રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી માલિકી મળતી નથી.

(૨) વેચાણ : હપતા પદ્ધતિ મુજબ ચીજવસ્તુનું વેચાણ થાય છે. ફક્ત રકમ જ હપતાથી ચૂકવવામાં આવે છે. ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર હપતાને ભાડા (Hire) તરીકે ગણવામાં આવે છે, જ્યારે પૂરેપૂરા હપતાની રકમ ભરપાઈ થાય ત્યારે તે વ્યવહાર વેચાણમાં પરિણમે છે.

(૩) દાવો : હપતા પદ્ધતિમાં જો ખરીદનાર હપતાની રકમ ન ચૂકવે તો વેચનાર કાયદેસર રીતે કિંમત વસૂલ કરી શકે છે, પરંતુ તે ચીજવસ્તુ પાછી માગી શકતો નથી. જ્યારે ભાડે ખરીદ પદ્ધતિમાં ખરીદનાર જો કોઈ હપતાની રકમ ન ચૂકવે તો વેચનાર તે ચીજવસ્તુ કાયદેસર રીતે પાછી લઈ શકે છે અને તે અગાઉ ચૂકવાયેલી હપતાની રકમને ભાડા તરીકે ગણી જપ્ત કરી શકે છે.

(૪) નુકસાનનો ભોગવટો : હપતા પદ્ધતિ અનુસાર માલિકીપણું ખરીદનારને મળે છે. તેથી ખરીદનારે પોતે જ પોતાની ચીજવસ્તુની કાળજી લેવાની હોય છે. ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર જ્યાં સુધી છેલ્લો હપતો ભરાય નહિ ત્યાં સુધી ચીજવસ્તુની માલિકી ખરીદનારને મળતી નથી. તેથી વેચનારને વસ્તુના જોખમ માટે વીમો ઉતરાવવો પડે છે.

**ભાડે ખરીદ પદ્ધતિ અને હપના પદ્ધતિમાં કરારની વિગતો:**

**ભાડે** ખરીદ પદ્ધતિ અને હપતા પદ્ધતિ અનુસાર ખરીદનાર અને વેચનાર વચ્ચે જે કરાર કરવામાં આવે છે તેમાં સામાન્ય રીતે નીચેની બાબતનો ઉલ્લેખ કરવામાં આવે છે:

(૧) રોકડ કિંમત : મિલકતની રોકડ કિંમત જણાવવામાં આવે છે. એટલે કે જો વસ્તુનું વેચાણ રોકડેથી થયું હોય તો જે રકમ ચૂકવવી પડે તે દર્શાવવામાં આવે છે. આ કિંમત ખરીદનાર માટે વસ્તુની મૂળ કિંમત છે.

(૨) કરાર વખતે ચૂકવવાની રકમ (Down Payment) : સામાન્ય રીતે જ્યારે કરાર કરવામાં આવે અને મિલક્તનો કબજો ખરીદનારને આપવામાં આવે ત્યારે તેણે અમુક રકમ વેચનારને આપવાની હોય છે. તેને તાત્કાલિક ચુકવણીની રકમ' (Down payment) કહે છે. ત્યાર પછી બાકી રકમ હપતેથી ચૂકવવાની હોય છે.

(૩) વ્યાજનો દર (Rate of Interest) : રોકડ કિંમતની ચૂવવાની રકમ પર વ્યાજનો દર જણાવવામાં આવે છે. ભાડે ખરીદ પદ્ધતિમાં વસ્તુ કે મિલક્તની રકમ એકસામટી ન ચૂકવતાં હપ્તાથી ચૂવવામાં આવે છે. તેથી જેટલી રકમ રોકડ કિંમત પેટ ચુક્વવાની બાકી હોય તેના પર નિયત કરેલ દરે વ્યાજ ચૂકવવું પડે છે.

(૪) કરાર કિંમત (Hire-purchase Price) : આવા કરાર હેઠળ જે કુલ રકમ ખરીદનારે ચૂકવવાની હોય છે તેને કરાર કિંમત કહે છે. તેમાં તાત્કાલિક ચૂકવેલી રકમ વત્તા બધા હપતાઓની કુલ રકમનો સમાવેશ થાય છે. એટલે કે તેમાં વસ્તુની રોકડ કિંમત તથા વ્યાજનો સમાવેશ થાય છે.

(૫) હપતાની સંખ્યા અને રકમ : ભાડા-ખરીદીમાં વસ્તુ કે મિલકતની રોકડ કિંમત હપતાથી ચૂકવવામાં આવે છે. આ રકમ કેટલા હપતાઓમાં ચૂકવવાની છે અને દરેક હપતા વખતે કેટલી રકમ ચૂકવવાની છે તેનો ઉલ્લેખ પણ હોય છે.

(૬) અન્ય શરતો : ઉપરની સામાન્ય શરતો ઉપરાંત અન્ય શરતોનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે. દા.ત., જો સમયસર હપતાની રકમ ચૂકવવામાં ન આવે તો જેટલા સમય માટે વિલંબ થયો હોય તેના પર વ્યાજનો દર વગેરે.

**ઉદાહરણોની ગણતરી કરવાની પદ્ધતિઓ :**

1. રોકડ કિંમત અને વ્યાજ નો દર બંને આપવામાં આવે ત્યારે = દરેક હપ્તામાં વ્યાજની ગણતરી કરવી.
2. રોકડ કિંમત અને વ્યાજનો દર બંને આપવામાં ન આવ્યા હોય = સમીકરણ પદ્ધતિ આપનાવવી. રોકડ કિંમત X અને હપ્તાની રકમ Y તરીકે ધારો.
3. વ્યાજનો દર આપવામાં આવ્યો નથી = ગુણોત્તર પદ્ધતિ

**ભાડા ખરીદ પધ્ધતિ ની આમનોંધ:**

| SR.NO. | વ્યવહાર | ખરીદનાર ના ચોપડા માં | વેચનાર ના ચોપડામાં |
|---|---|---|---|
| ૧ | કરાર કરવામાં આવે ત્યારે | NO ENTRY | ખરીદનાર ખાતે ઉધાર<br>તે વેચાણ ખાતે |
| ૨ | કરાર વખતે ચૂકતે કરેલ રકમ | મિલકત ખાતે ઉધાર<br>તે બેંક ખાતે | બેંક ખાતે ઉધાર<br>તે ખરીદનાર ખાતે |
| 3 | હપ્તો ચૂકવવાનો થાઇ ત્યારે | વ્યાજ ખાતે ઉધાર<br>મિકાત ખાતે ઉધાર<br>તે વેચનાર ખાતે | ખરીદનાર ખાતે ઉધાર<br>તે વ્યાજ ખાતે |
| 4 | હપ્તો ચુકવવામાં આવે ત્યારે | વેચનાર ખાતે ઉધાર<br>તે બેંક ખાતે | બેંક ખાતે ઉધાર<br>તે ખરીદનાર ખાતે |
| 5 | ઘસારા માટે | ઘસારા ખાતે ઉધાર<br>તે મિલકત ખાતે | NO ENTRY |
| ૬ | વર્ષ ના અંતે વ્યાજ અને ઘસારા ની રકમ નફા નુકસાન ખાતે લઇ જવામાં આવે ત્યારે | નફા નુકસાન ખાતે ઉધાર<br>તે વ્યાજ ખાતે<br>તે ઘસારા ખાતે | વ્યાજ ખાતે ઉધાર<br>તે નફા નુકસાન ખાતે |

**દરેક હપ્તા વખતે નોંધ નો.3,4 તથા વર્ષ ના અંતે નોંધ નો.5,૬ લખશે**

**Q-1**: શ્રી હરેને તા. ૦૯-૦૯-૨૦૦૯ના રોજ રૂ. ૯,૭૨,૦૦૦ની રોકડ કિંમતનું એક યંત્ર ભાડા ખરીદ પદ્ધતિએ ખરીદ્યું, કરાર કરતી વખતે રૂ. ૮૧,૦૦૦ અને બાકીની રકમ ત્રણ સરખા છ માસિક હપતામાં ૯% વ્યાજ સહિત ચૂકવવામાં આવી. દરેક હપતામાં સમાયેલ વ્યાજની ગણતરી દર્શાવો.

**Q-2**: તા. ૧-૧-૨૦૧૬ના રોજ શેફાલીએ દીપમાલા પાસેથી એક યંત્ર ભાડા ખરીદ પદ્ધતિએ ખરીદ્યું. રકમ નીચે મુજબ ચૂકવવાની હતી :

| તારીખ | રકમ |
|---|---|
| ૧-૧-૨૦૧૬ | ૧૧,૦૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૬ | ૧૩,૨૦૦ |
| ૩૧-૧૨-૨૦૧૭ | ૧૨,૧૦૦ |

યંત્રની રોકડ કિંમત અને દરેક હપતામાં સમાયેલ વ્યાજની રકમ શોધો.

**Q-3**: ગીતાએ ભાડે ખરીદ પદ્ધતિ હેઠળ એક યંત્ર ખરીદ્યું. રોકડ કિંમત રૂ. ૯૦,૦૦૦ છે. કરાર વખતે રૂ. ૩૦,૦૦૦ અને બાકીની રકમ રૂ. 30,000ના ત્રણ સરખા વાર્ષિક હપતામાં ચૂકવી. ત્રીજા વર્ષના વ્યાજની ગણતરી કરો.

**Q-4**: ભાવિને એક યંત્ર ખરીદ્યું. કરાર કરતી વખતે રૂ. ૨૦,૦૦૦ અને દરેક વર્ષને અંતે રૂ. ૨૦,૦૦૦નો એક એવા ત્રણ હપતાઓ ચૂકવ્યા. વેચનારે વાર્ષિક ૫% લેખે વ્યાજ વસૂલ કર્યું છે. એન્યુઇટીની ત્રણ વર્ષ માટે વાર્ષિક ૫% ના વ્યાજની તૂર્ત કિંમત રૂ. ૨.૭૨૩૨૫ છે. યંત્રની રોકડ કિંમત શોધો.

**Q-5:** અ એ ભાડે ખરીદ પદ્ધતિએ રૂ. ૬,૦૦૦માં યંત્ર ખરીદ્યું. કરાર વખતે રૂ. ૧,૨૦૦ ચૂકવ્યા અને બાકીની રકમ રૂ. ૧,૮૦૦ના ચાર સરખા વાર્ષિક હપતાઓમાં ચૂકવી. દરેક વર્ષનું વ્યાજ શોધો.

**Q-6:** તા. ૧-૪-'૧૮ના રોજ શૈવલે કેયુર પાસેથી એક યંત્ર ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદ્યું.

કરારની શરતો નીચે મુજબ હતી :

(૧) યંત્રની રોકડ કિંમત રૂ. ૧,૦૦,૦૦૦ છે.

(૨) કરાર વખતે રોકડ કિંમતની ૨૦% રકમ ચૂકવવાની છે.

(૩) રોકડ કિંમતની બાકી રહેતી રકમ રૂ. ૨૦,૦૦૦નો એક એવા ચાર અર્ધવાર્ષિક હપતામાં વ્યાજસહિત દર વર્ષની ૩૦મી સપ્ટે. અને ૩૧મી માર્ચ ચૂકવવાની છે.

(૪) ચૂકવવાની બાકી રહેતી રોકડ કિંમત પર વાર્ષિક ૧૨% લેખે વ્યાજ વસૂલ કરવામાં આવે છે. યંત્ર પર વાર્ષિક ૧૦% લેખે ઘટતી જતી બાકીની રીતે ઘસારો ગણવાનો છે. શૈવલ અને કેયૂર બન્નેનું હિસાબી વર્ષ ૩૧મી માર્ચના રોજ પૂરું થાય છે. તૈયાર કરો :

(૧) શૈવલના ચોપડામાં યંત્ર ખાતું અને કેયૂરનું ખાતું. (૨) કેયૂરના ચોપડામાં શૈવલનું ખાતું.

તમારે જરૂરી ગણતરીઓ જવાબના એક ભાગરૂપે દર્શાવવાની છે.

<u>Q-7:</u> કોમલે તા. ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજ એક યંત્ર કમલ પાસેથી ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદ કર્યું. ચુકવણીની શરતો નીચે મુજબ હતી :

| | |
|---|---|
| તા ૧-૪-૨૦૦૭ના રોજ | રૂ.૧,૦૦,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૦૮ના રોજ | રૂ.૯૦,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૦૯ના રોજ | રૂ.૮૦,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ | રૂ.૭૦,૦૦૦ |
| તા. ૩૧-૩-૨૦૧૧ના રોજ | રૂ.૬૦,૦૦૦ |

દરેક વર્ષની શરૂઆતની બાકી ઉપર વાર્ષિક ૨૦% લેખે વ્યાજ ગણવાનું છે. ઘટતી જતી બાકીની પદ્ધતિએ વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણવાનો છે.

કોમલના ચોપડામાં બધા વર્ષ માટે આમનોંધ લખો.

<u>Q-8</u>: તા. ૧-૧-'૦૮ના રોજ ભાડા ખરીદ પદ્ધતિએ એક યંત્ર ખરીદ્યું, જેની રોકડ કિંમત રૂ. ૨,૦૭,૦૦૦ હતી. કરાર પર સહી કરતી વખતે રૂ. ૨૦,૦૦૦ ચૂકવ્યા અને બાકીની રકમ પર રૂ. ૨૦,૦૦૦નો એક એવા અગિયાર અર્ધવાર્ષિક હપતામાં વ્યાજ-સહિત ચૂકવવાની હતી. પ્રથમ હપતો છ માસ પછી ચૂકવવાનો હતો. ઘટતી જતી બાકીની પદ્ધતિએ ૧૦% ઘસારો ગણવામાં આવે છે.

ખરીદનારના ચોપડે દરેક હપતામાં સમાયેલ વ્યાજની ગણતરી દર્શાવી :

(૧) યંત્ર ખાતું (૨) વેચનારનું ખાતું (૨) વ્યાજ ખાતું ફક્ત પ્રથમ બે વર્ષ માટે તૈયાર કરો.

<u>Q-9:</u> હેતે એક યંત્ર વ્રજ ઍન્જિનિયરિંગ કંપની લિ. પાસેથી ભાડે ખરીદ પદ્ધતિ અનુસાર ૧-૪-૨૦૦૮ના રોજ ખરીદ્યું. કરાર પ્રમાણે રૂ. ૧,૨૫૦ રોકડ કરાર વખતે, જ્યારે બાકીની રકમ નીચેના ત્રણ વાર્ષિક હપતાઓમાં ચૂકવવાની હતી. પ્રથમ હપ્તો ૧,૬૨૫, બીજો હપતો રૂ. ૧,૫૦૦, ત્રીજા હપતો રૂ. ૧,૩૭૫. યંત્ર પર સીધી લીટીની પદ્ધતિએ વાર્ષિક ૧૦% લેખે ઘસારો કાપવામાં આવે છે.

પેઢીનું હિસાબી વર્ષ તા. ૩૧મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. ઉપરની માહિતી પરથી હેતના ચોપડામાં યંત્ર ખાતું તૈયાર કરો.

**Q-10:** ભાર્ગવીએ જોસેલી ઓટો, પાટણ પાસેથી એક્ટિવા ભાડા ખરીદ પદ્ધતિથી તા. ૧-૧-૨૦૧૩ના રોજ ખરીદ્યું. એક્ટિવાની રોકડ કિંમત રૂ. ૪૦,૦૦૦ છે. ચુકવણીની શરતો નીચે મુજબ છે :

| | |
|---|---|
| તા. ૧-૧-૨૦૧૩ | રૂ.૬,૦૦૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૩ | રૂ. ૧૧,૦૦૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૪ | રૂ. ૧૧,૦૦૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૫ | રૂ. ૧૧,૦૦૦ |
| તા. ૩૧-૧૨-૨૦૧૬ | રૂ. ૧૧,૦૦૦ |

ઘટતી જતી બાકીની રીતે ઘસારો વાર્ષિક ૧૦% લેખે ગણવાનો છે. ભાર્ગવીના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

**Q-11:** તા. ૧-૪-૨૦૧૩ના રોજ પાર્થે એક યંત્ર હેરિન ટ્રેડર્સ પાસેથી ભાડા ખરીદ પદ્ધતિથી ખરીદ્યું. કરાર કરતી વખતે ૨૦% રકમ ચૂકવી અને બાકીની રકમ નીચે મુજબ ચાર વાર્ષિક હપતામાં ચૂકવવાની છે :

| | |
|---|---|
| પ્રથમ હપતો | ૧,૪૧,૪૦૦ |
| બીજો હપતો | ૧,૨૧,૧૦૦ |
| ત્રીજો હપતો | ૧,૧૫,૫૦૦ |
| ચોથો હપતો | ૧,૩૯,૯૭૩ |

હેરિન ટ્રેડર્સના ચોપડે તા. ૩૧-૩-૨૦૧૭ના રોજ નીચે મુજબ આમનોંધ હતી.

વ્યાજ ખાતે. ઉ. ૧૧,૫૫૭

તે નફા નુકસાન ખાતે. ૧૧,૫૫૭

યંત્ર પર ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણવાનો છે. ઉપરની માહિતી પરથી પાર્થના ચોપડે યંત્ર ખાતું અને હેરિન ટ્રેડર્સનું ખાતુ તૈયાર કરો તથા હેરિન ટ્રેડર્સના ચોપડે પ્રથમ વર્ષની આમનોંધ લખો.

Q12 VNSGU-APRIL 2025

તા. ૦૧/૦૧/૨૧ નાં રોજ એકતાએ એક કંપની પાસેથી એક યંત્ર ભાડા-ખરીદ પદ્ધતિએ ખરીદ્યું. કિંમત નીચે મુજબ ચુકવવાની હતી.

તા. ૦૧/૦૧/૨૦૨૧ : રૂ. ૩૩,૦૦૦

તા. ૩૧/૧૨/૨૦૨૧ : રૂ. ૩૯,૬૦૦

તા. ૩૧/૧૨/૨૦૨૨ : રૂ. ૩૬,૩૦૦

યંત્રની રોકડ કિંમત અને દરેક હપ્તામાં સમાયેલ વ્યાજની રકમ શોધો.

Q13) VNSGU-APRIL 2024

એક મિલકત ભાડા ખરીદ પધ્ધતિથી ખરીદી. કરાર વખતે રૂ. ૫૦,૦૦૦ અને બાકીની એક સરખી રકમના વ્યાજ સહિતના ત્રણ હપતાની કુલ રકમ રૂ. ૧,૮૦,૦૦૦ છે, તેમાં વ્યાજ રૂ. ૩૦,૦૦૦ સમાયેલ હોય તો મિલકતની રોકડકિંમત શોધો.

Q14) VNSGU-APRIL 2025

શ્રી અજીતકુમારે અભયકુમાર પાસેથી તા. ૦૧/૦૪/૧૮નાં રોજ એક યંત્ર ભાડા ખરીદ પદ્ધતિથી ખરીદ્યું. કરાર વખતે તેમણે રૂ. ૪૦,૦૦૦ ચૂકવ્યા અને બાકીની રકમ ચાર વાર્ષિક હપ્તામાં ૧૦% વ્યાજ સહિત નીચે મુજબ ચૂકવવાની છેઃ

તા. ૩૧/૦૩/૨૦૧૯ ............. રૂ. ૪૩,૬૦૦

તા. ૩૧/૦૩/૨૦૨૦ ............. રૂ. ૩૬,૪૦૦

તા. ૩૧/૦૩/૨૦૨૧ ............. રૂ. ૨૯,૬૦૦

તા. ૩૧/૦૩/૨૦૨૨ ............. રૂ. ૩૫,૨૦૦

યંત્ર પર સીધી લીટીની પદ્ધતિએ ૧૦% ઘસારો ગણવાનો છે. શ્રી અજીતકુમારનાં ચોપડે તૈયાર કરોઃ

૧) યંત્ર ખાતું

૨) અભયકુમારનું ખાતું

૩) ઘસારા ખાતું